# ગાંધીનગર સમાચાર નૂતન વર્ષાભિનંદન

વિશેષ પૂર્તિ - ૨૦૭૨

### તંત્રી સ્થાનેથી.....

# આવો, અંતરના અજવાસથી સકારાત્મક ભાવ પ્રગટાવીએ...

નિરંતર વહેતા સમયના પ્રવાહમાં આજથી વિક્રમ સંવતનું વર્ષ બદલાઈ રહ્યું છે. આજના સૂર્યોદયની સાક્ષીએ ગઈકાલની ક્ષણોનો સરવાળો કરવાનું મન થાય કે આવતીકાલની ઉગતી ક્ષણોનો અણસાર પામવાનું મન થાય. હા...! નવા વર્ષની શુભકામનાઓ આજના ઉંબરે ઊભી છે... નવા વર્ષે સરસ વર્ષે સૌના મનોરથ પૂર્ણ થાય તેવી મનોકામના સાથે નવા વર્ષને વધાવીએ.

માનવજાત વિજ્ઞાનના સહારે ઊંચી ઉડાન ભરી રહ્યો છે. સમગ્ર વિશ્વને મૂઠ્ઠીમાં લઈને ફરતો માણસ માનવતાની ખેંચતાણમાં અટવાયો છે. સુખ-સુવિધાઓ અને વૈભવની બોલબાલા વર્ષોવર્ષ વધતી જાય છે અને લાગણીઓ, સંબંધો, માણસાઈ બિચારી બાપડી બનીને મરવાના વાંકે જીવે છે. ઘણુંબધું મેળવવાનો માનવ જાતને અહંકાર છે પરંતુ અંદરથી ખાલીપણાનો ભાવ જીવનની પળે-પળે સતાવે છે. નવું વર્ષ વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના અક્ષાંશ-રેખાંશથી પર થઈ સકારાત્મક અને સર્જનાત્મક ભાવ સાથે સંવેદનશીલ સમાજને પુનઃ ધબકતો કરે એવા અભરખા અભિવ્યક્ત કરીએ છીએ.

વૈશ્વિક ફલક પર પ્રકૃતિનો પ્રકોપ વધતો જાય છે. મહિને-બે મહિને ધરતીકંપના સમાચાર વાંચવાથી માનવી ટેવાયો છે. સુનામી, દુષ્કાળ, વાવાઝોડાં, વરસાદ જેવી પ્રાકૃતિક વિટંબણાઓ વિશ્વના અનેક ખુણાઓમાં અનુભવાઈ છે. નાનાં-મોટાં યુદ્ધો ખેલાયાં છે. જાનહાનીના આંક દર વર્ષની જેમ આ વર્ષે પણ વધ્યા જ છે. વિમાની દુર્ઘટનાઓ કે રેલવે અને માર્ગ અકસ્માતોમાં મોતના આંકડા વાંચી-વાંચીને સંવેદનશીલતા ઘસાતી ગઈ છે. અલબત્ત, અમેરિકા, ચીન, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને રશિયા જેવા મહાસત્તા ધરાવતા દેશો અઢળક પ્રગતિ કરે છે. ભારત સહિતના વિકાસશીલ દેશો પણ નોંધપાત્ર ગતિ સાથે પડકારોને લલકારે છે.

વૈશ્વિક વ્યાપારને વધુ પ્રોત્સાહક પ્રતિબળો મળતાં અર્થતંત્ર મજબૂત બન્યું છે. સીમાડાઓ માત્ર ભૌગોલિક રહેતાં વેપારના વિકાસની તકો વધી છે. ટેકનોલોજી ઘેર-ઘેર પહોંચી છે. શિક્ષણનું પ્રમાણ હજુ પણ સંતોષજનક સ્થિતિએ નથી એ ચિંતાનો વિષય છે... આમ છતાં, વિશ્વભરના ચિંતકો, સર્જકો, વૈજ્ઞાનિકો, કલાકારો હકારાત્મક ભાવ સાથે ‘વસુધૈવ કુટુમ્બકમ્’ના ભાવને સાકાર કરવાના પ્રામાણિક પ્રયાસો કરે છે એ એક ઉજ્જવળ આવતીકાલની નિશાની છે.

ભારત નવી સરકારના નવા વાતાવરણમાં ધાર્યા કરતાં ઓછી ગતિએ પણ પ્રગતિ કરે છે. દેશનું અર્થકારણ યોગ્ય દિશામાં ચાલે છે તેનો સંતોષ અને રાજીપો સૌનાં મનમાં છે. વિકાસનાં કાટલાં દરેકનાં જુદાં જુદાં છે અને તે હંમેશાં ચર્ચાસ્પદ ભૂમિકામાં જ રહ્યાં છે. પરંતુ સામાન્ય નાગરિકોને વિકાસની અનુભૂતિ થાય તેવાં કામ ચાલી જ રહ્યાં છે. માળખાકીય સુવિધાઓનાં ક્ષેત્રમાં સરકાર અને સમાજ નોંધપાત્ર રીતે ગતિ કરે છે, તો ગરીબી અને નિરક્ષરતા સમાજ સામે પડકાર બનીને ઊભી છે. નાત-જાતના આટા-પાટા, જાતિ-ધર્મથી વેચાતો સમાજ, અનામત બિનઅનામતના મુદ્દે કણસતો સમાજ આજની આપણી લાચારી બનીને ઊભો છે, વિકાસને કોરી ખાતો ઊભો છે. કોઈપણ સરકાર હોય... આ પક્ષની હોય કે પેલા પક્ષની હોય... કોઈએ આ મુદ્દાઓને રાજકીય સ્વરૂપ આપવાના બદલે રાષ્ટ્રીય સ્વરૂપ આપી ઉકેલની દિશામાં કાર્યરત બનવું જોઈએ. તમામ રાજકીય પક્ષોને આપણે વિનંતી કરીએ કે જાતિ-ધર્મથી જ સમાજને વહેંચવાનું આપણે બંધ કરીએ. ગરીબી અને નિરક્ષરતાના મુદ્દે રાજકીય રોટલાઓ શેકવાનું બંધ કરીએ. અનામત જેવા સંવેદનશીલ મુદ્દાઓથી સમાજના વિભાજનની પ્રક્રિયા તાકીદે અટકાવીએ, અને જો આમ કરી શકીએ તો આગામી વર્ષોમાં નહિ પણ આગામી મહિનાઓમાં ભારત વિશ્વસત્તાના સ્થાને બેસવાનાં સ્વપ્નો સાકાર કરશે.

ગુજરાત એટલે ગુજરાત... સરકારો બદલાય... વર્ષો બદલાય... વ્યક્તિઓ બદલાય... પણ... ગુજરાતની ગતિ અવિરત લક્ષ્ય પ્રતિ ધપે છે. અનામતનું ગ્રહણ જો ન આવ્યું હોય તો આજે ગુજરાત સર્વોચ્ચ શિખરે પહોંચી ગયું હોત. ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને સામાજિક ક્ષેત્રે ગુજરાત એક અલગ અંદાજ સાથે દેશના વિકાસના નકશામાં ઉજ્જવળ રહ્યું છે. થોડી ન કરવા જેવી ભૂલો સરકાર પક્ષે થઈ છે પરંતુ સંસ્કારી ગુજરાતે આ બધું ક્ષમ્ય ગણ્યું; વિકાસ અને કલ્યાણના માર્ગે આગેકૂચ અકબંધ રહી છે. સંસ્કાર આ ભૂમિમાં છે. વિકાસ એ ગુજરાતનો સ્વભાવ છે અને કલ્યાણ એ ગુજરાતનું કર્મ છે. આ નરસિંહ અને નર્મદની ભૂમિ છે... આ ગાંધી અને સરદારની ભૂમિ છે, અહીં સમાજને તોડવાના નહિ જોડવાના સંસ્કાર છે... ચૂંટણીઓ તો આવે ને જાય... જય-પરાજય એ સમયની પેદાશ છે. પરંતુ એકતા અને અખંડિતતા સાથે સામાજિક સંસ્કારિતા અકબંધ રાખવા ગુજરાત એક છે, નેક છે.

હા... હિસાબ-કિતાબની આ ઘડીએ આસપાસનાં પરિણામોના પડઘા અને પ્રતિબિંબો પામવાનો પ્રયાસ આપણને હચમચાવે છે. આર્થિક વિકાસ કોઈ પણ ક્ષિતિજે કે કોઈ પણ સ્તરે પુરુષાર્થથી પામી શકાશે. રાજકીય કે સામાજિક વાદ-વિવાદો સમજણથી જ ટાળી શકાશે. પ્રચંડ પડકારોને પણ આત્મવિશ્વાસથી ઝીલી શકાશે. શહેર... રાજ્ય... રાષ્ટ્ર... કે વિશ્વ તમામ ક્ષેત્રમાં ગતિશીલ અભિગમથી પ્રેરક પ્રગતિની પ્રાર્થના પરમ તત્ત્વ સમક્ષ અર્પીએ છીએ. પણ અંતરના ઊંડાણથી એવું પણ અભિલાષીએ છીએ કે માનવમાત્ર અંદરથી પણ એટલો જ સમૃદ્ધ બને. મનથી સમૃદ્ધ બને... લાગણીઓ સમૃદ્ધ બને... માણસાઈથી સમૃદ્ધ બને... સંવેદનશીલતાથી છલોછલ બને. ભાવસભર બને. સંકલ્પો માટે પ્રતિબદ્ધ બને. ગતિ સ્વભાવ બને અને સમજણ તથા સંસ્કાર આભૂષણ બને એવી મનોકામના નાનકડાં અખબારની નાનકડી કલમે અભિવ્યક્ત કરીએ છીએ.

‘ગાંધીનગર સમાચાર’ના વાચકો, વિજ્ઞાપનદાતાઓ અને વિતરકો સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવીએ છીએ. ‘ગાંધીનગર સમાચાર’ નવા વર્ષે પોતાની એ જ વર્ષો જૂની સકારાત્મકતાની પ્રતિબદ્ધતા અને સર્જનાત્મકતાના ભાવ સાથે સંવેદનશીલ સમાજરચનાની દિશામાં ગતિ માટે આપના આશીર્વાદ અભિલાષે છે. સૌને નવા વર્ષના પ્રણામ...

- કૃષ્ણકાન્ત જહા

